# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

આવે છમ છમ કરતી આવે,
આફત હરતીફરતી આવે !

પાંગરતી કે ખરતી આવે ,
મોસમ ના કરગરતી આવે.

કોમળ તડકાના દિવસોની,
યાદ જરા ઝરમરતી આવે.

ચિતરયો છે મેં એક સમંદર,
એમાં ક્યારે ભરતી આવે ?

નક્કર ક્યાં જલદી દેખાશે ?
પોલી ચીજો તરતી આવે !

- હેમેન શાહ

## પાથેય

- રમેશ ઠક્કર

# પોલી ચીજો...

મુસીબતો જ્યારે આવે છે ત્યારે એ હંમેશા સમૂહમાં જ આવે છે.આવું આપણે સાંભળતા આવ્યા છીએ.એની બીજી ખાસિયત એ પણ છે કે એ દરવાજે દસ્તક મારીને આવે છે.આવવાનું એલાન પણ કરતી રહે છે.એટલે એમ કહી શકાય કે એ રંગેચંગે આવે છે !છમ છમ કરતી આવે છે.આજુબાજુ એક લટાર મારતી અને હરતીફરતી આવે છે. મુસીબતો જેને ઓળખી જાય છે એને માટે વિશેષ પ્રેમ રાખે છે ! કેટલાક માણસો એને પ્રિય હોય છે.એ હંમેશા એની આસપાસ વિંટળાયેલી રહે છે.એટલે ઘણા લોકોને આપણે જનમદુ:ખિયા કહીએ છીએ..

જિંદગીની તડકીછાંયડી હોય છે.તડકો અને છાંયો એ દિવસનું વાસ્તવ છે.એ જ રીતે સુખ અને દુ:ખ એ જીવનનું અનિવાર્ય સત્ય છે.માણસ જેટલી ઝડપથી આ સમજી જાય એટલી ત્વરાથી એને સુખ પ્રાપ્ત થતું હોય છે.કેટલીક યાદો આપણે ખોટી રીતે કરેલા કામોની સજા રૂપે મળે છે.એવી ઘટનાઓ હોય છે કે જેને યાદ કરી આપણે ખુશ થતા રહીએ છીએ.યાદો સારી હોય કે ખરાબ એ હંમેશા સતાવતી રહે છે. સમગ્ર બાબતનો આપણા મન ઉપર રહેલો છે.મનના માંડવે યાદો પોતાની રીતે જ માળો બનાવે છે અને એમાં વિતેલા ઈતિહાસની પળોનું સંવનન કરે છે.

મુસીબતોની કોઈ મોસમ નથી.આમ જોઈએ તો એ બારમાસી છે.એમાં ઋતુઓની માફક નવાં અંકુર ફૂટે છે.એટલે કે વસંતની હેલી આવે છે.એની ડાળખીઓમાં નવી? તાજગી અનુભવાય છે.દરેક ઋતુ કે દિવસના દરેક કલાકો મુજબ મોસમ એનો મિજાજ બદલે છે. ક્યારેક ડાળખીઓ લહેરાય છે.કદીક પાંદડાંઓ રંગીન બને છે.ક્યારેક પાનખર બનીને પ્રગટતી રહે છે.મુસીબત હોય કે મોસમ એ બંનેની પાસે એક સરખી છે એ ક્યારે ટપકે ક્યારે બદલાય અને ક્યારે સ્થિર થાય એનું નક્કી નથી હોતું. મોસમનો મિજાજ હોય છે.મુસીબતનો અંદાજ હોય છે.આ બંને વચ્ચે સામ્ય છે. એમ વિરોધાભાસ પણ રહેલો છે.

શિયાળાની કોઈ સવારે કોમળ તડકાનો અનુભવ કર્યો હોય તો જીવનની તાજગી શું છે એની આપણને ખબર પડે. આવા દિવસો એટલે આપણી જિંદગીના સુખથી ભરેલા દિવસો.એ દિવસો વીતી જાય છે ત્યારે એની યાદ ઝરમર સ્વરૂપે આવતી રહે છે.આપણે ઘણીવાર ભ્રામક માન્યતાઓમાં રચ્યાપચ્યા રહીએ છીએ.જ્યારે કોઈ કાગળમાં સમંદર ચિતરીએ છીએ ત્યારે એ ખ્યાલ હોવો જોઈએ કે એ નિર્જીવ સમુદ્રમાં ભરતી ઓટની જીવંતતા લાવી શકાતી નથી. એ આપણો મિથ્યા પ્રયાસ હોય છે.સમંદરના વહેતા પ્રવાહમાં સપાટી ઉપર જે પદાર્થો તરતા દેખાય છે,એ અંદરથી પોલા હોય છે.જીવનમા પણ એવા લોકો જ તરતા રહે છે.જે નક્કર છે એ તો એના પેટાળમાં ક્યાં સમાઈ જાય છે એની ખબર પણ પડતી નથી. વાસ્તવ એવું છે કે જે લોકો નકામા છે,અંદરથી ખાલી છે એવા લોકો જ ચોતરફ આનંદ કરતા જોવા મળે છે.જે ભીતરથી ભરપૂર છે સાચા છે એવા લોકો આ જગતની ભરતીમાં ક્યાં ખોવાઈ જાય છે એની ખબર પણ પડતી નથી.ઈશ્વર હંમેશા સારા માણસોની જ કસોટી કરે છે જે સારા હોય છે એની દશા સારી નથી હોતી..!

# આપણા લાલાકાકા



કેટલાક લોકો સમૂહમાં હોય તો પણ અલગ તરી આવે તેવા હોય છે. સ્વની ઓળખ ઉભી કરવાની મથામણ પણ આવા સમજુ લોકોને નથી. પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે કદી ઉત્સુક ન હોય તેવા પ્રકાશ માટે જ પ્રકાશપર્વના આયોજન થતા હોય છે. પ્રકાશ લાલા ગાંધીનગર માટે સહેજ પણ અજાણ્યા નથી. તેમના જીવનના ૭૫માં પડાવે થતું પ્રકાશપર્વનું આયોજન ગમી જાય તેવું છે. પ્રસંગ માટેની આમંત્રણ પત્રિકાનો 'હિરેન ટચ' ડિઝાઈન ઉડીને આંખે વળગે તેવી છે. લોકાર્પણ થતા પુસ્તકોને લોક આદર જરૂર મળશે.



ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

પ્રકાશ લાલા મારી સરકારી સેવાના થોડા સમય માટેના સહયાત્રી છે. લેખન ઉપરાંત અનેક કળામાં તેમનો રસ છે તેમજ જાણકારી છે. માહિતી ખાતામાં તેમના અર્થપૂર્ણ યોગદાનનો પણ મને જાત અનુભવ છે. માહિતી ખાતાએ કેટલા સર્જકો સમાજને આપ્યા તેનો વિચાર કરતા આશ્ચર્ય તથા અહોભાવ થાય છે. દિગ્ગજ સર્જક જેવાકે ભુપત વડોદરિયા તેમજ ભાગ્યેશ ઝા માહિતી ખાતા માટે પ્રવાસી પક્ષીઓ જેવા હતા પરંતુ તેમનો ટૂંકો સહવાસ પણ માહિતી ખાતામાં મૂલ્યવર્ધન કરે તેવો રહ્યો છે. દલપત પઢીયાર જેવા સમર્થ સર્જક માહિતી ખાતાની ભૂમિમાં જ પાંગર્યા છે. આ ઉપરાંત ભુપેન્દ્ર દવે, મનસુખ વાઘેલા, નટુભાઈ પરમાર, પુલક ત્રિવેદી, હર્ષદ ઠાકર, ઉત્તમ મેવાડા, પ્રજ્ઞાબેન પટેલ જેવા અનેક સર્જકો અહીં ઉછર્યા તથા મ્હોર્યા છે. માહિતી ખાતાની આ ભૂમિમાં કદાચ સામાજિક નિસબત તેમજ સંવેદનશીલતા વિશેષ હશે તેમ મને લાગે છે. ઉદાહરણ તરીકે આવી સંવેદનશીલતાને કારણે જ ભુપેન્દ્રભાઈ દવે (નિવૃત અધિક માહિતી નિયામક) જેવા લોકો એ નિવૃત્તિમાં સમાજને ઉપયોગી બને તેવી અનેક પ્રવૃતિઓ કરી. ગાંધીનગરમાં આવું જ કાર્ય પ્રજ્ઞાબેન પટેલ કરી રહ્યા છે. નટુભાઈ પરમાર તેમની કલમના માધ્યમથી સામાજિક વ્યવસ્થામાં છુપાયેલી વ્યક્ત તથા અવ્યક્ત વ્યથાની વાતો સમાજ સમક્ષ રજુ કરી રહ્યા છે. માહિતી ખાતાનું સમાજને આ યોગદાન છે.

પ્રકાશભાઈએ નિવૃત્તિ પછી 'અખંડ આનંદ' જેવા લબ્ધ-પ્રતિષ્ઠિત સામયિકનું અઘરું ગણાય તેવું સંપાદન કાર્ય સ્વીકાર્યું છે. નિયમિત કોલમો-સમીક્ષાઓ એ તેમની કલમથી રસપ્રદ બની રહી છે. તેમના સમીક્ષા લેખો રસપ્રદ તથા હેતુલક્ષી રહ્યા છે. ઘણી સંસ્થાઓના ટી.આર.પી. વધારવામાં આ સમીક્ષા લેખોનો ફાળો રહેતો હશે. પ્રકાશભાઈ હસે છે અને હસાવી પણ શકે છે તે કહેવાની ભાગ્યે જ જરૂર છે. સમર્થ કવિ મકરંદ દવેના સુંદર શબ્દો પ્રકાશ લાલાને ધન્યવાદ આપવા માટે ઉચિત લાગે છે:

તારા આનંદના દીવાથી
ચેતવે તું કોઈના આનંદનો દીવો
ઓરે ઓ બંધવા
ઝાઝી ખમાયું તને, ઝાઝી વધાયું તને,
જીવો ભાઈ ! જીવો.

પ્રકાશભાઈને બિરદાવીને આપણે કોઈક ઉચિત કાર્ય કર્યાનો આત્મસંતોષ મેળવી શકીએ છીએ. પ્રકાશભાઈને બિરદાવવાની ઉત્તમ તક એ તેમના નૂતન સર્જનોના લોકાર્પણ મારફત પ્રાપ્ત થઈ શકી છે. આથી સોનામાં સુગંધ ભળી છે તેમ ગણાય. એમ પણ લાગે છે કે માહિતી ખાતાએ રાજ્ય સરકારના કામમાં ખડે પગે કામ કર્યું છે. નિષ્ઠાથી દરેક ફરજ બજાવી છે. ઉપરાંત સામાજિક તથા સાહિત્યના ક્ષેત્રમાં પણ વિભાગના કર્મયોગીઓનું નોંધપાત્ર યોગદાન છે. સરકારી અધિકારીઓની ઓળખ કે સ્વીકૃતિ અનેક વખતે અપૂરતી થતી હોય છે. તે માટેના કારણો અનેક છે. પરંતુ પ્રકાશ લાલાના સંદર્ભમાં યોજવામાં આવેલો આ પ્રસંગ આ ખામીને ઠીક ઠીક દુરસ્ત કરે છે. નાતાલના આ પવિત્ર તહેવારના દિવસોમાં પ્રકાશભાઈનું અંતરથી અભિવાદન કરીએ. પ્રકાશ લાલાના માધ્યમથી માહિતી ખાતાના તમામ કર્મશીલોને તેમજ વિશેષ રીતે સર્જકોને આપણી હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ. 'લાલકાકા'ના લાડકા નામથી જાણીતા પ્રકાશભાઈની જીવનયાત્રા સ્વસ્થ તથા સર્જકતાથી ભરપૂર રહે તેવી ઈશ્વરને પ્રાર્થના કરીએ. કૃષ્ણકાંતભાઈ ઝા તેમજ આયોજકોની ટીમ ૨૫મી ડિસેમ્બરના કાર્યક્રમ માટે આપણી પ્રશંસાને પાત્ર છે.

# સંઘર્ષ - જીવનરીતીની પરિભાષા...

માણસ ઈચ્છે કે ન ઈચ્છે, સંઘર્ષ તેમનાં જીવનનો અવિભાજ્ય અંગ છે. તેને ક્યારેય નકારી નથી જ શકાતો. કોઈ વ્યક્તિ એમ કહે કે તેને જીવનમાં ક્યારેય સંઘર્ષ નથી કર્યો તો તે સાચું જીવ્યો જ નહીં હોય. તેને દુનિયાની રીતીમાં પોતાને ઢાળી દીધી હશે . પોતાની સાચી જાતને દાબી દીધી હશે. તમારે જ્યારે એક ઘરેડમાંથી બહાર આવવું હશે, જીવનનો મર્મ પામવાં પોતાનાં આપબળે કંઈક શાશ્વત મેળવવાની ઝંખના હશે, તો સંઘર્ષને સહર્ષ સ્વીકારવા સિવાય કોઈ જ ઓપ્શન નથી.



પમરાટ

મિત્તલ પટેલ

બદલાતા આધુનિક જીવનચક્રમાં બાળકને મૂલ્યશિક્ષણ આપવાની સાથે સાથે સંઘર્ષ સામે ટકી કંઈ રીતે રહેવું ધીરજ રાખી ઝઝુમવુ કંઈ રીતે તેની તાલીમ ચોક્કસ આપવી જોઈએ. આ તાલીમ કોઈ તાલીમવર્ગમાં નહીં, તેને એવા સંજોગો પૂરા પાડી અથવા પોતાનાં વર્તનમાં આ એટીટ્યુડ લાવી તેમને અનુસરવા માટે ઉદાહરણરૂપ બની.

જે નિરંતર બાળકોમાં ઘટી રહ્યું છે તે વાંચન દ્વારા પણ આ તાલીમ આપી શકાય. "ઝઝૂમવું" એ જીવનના ઉતાર ચઢાવવામાં સ્થિતપ્રજ્ઞ રહી શ્રેષ્ઠતમ ઊંચાઈએ જીવનને લઈ જવા અને પોતાના અંતરઆત્માના અવાજને અનુસરી જીવનને સફળ બનાવવા સુધીની સફરમાં ઓક્સિજન પૂરું પાડતું પરિબળ.

વક્ત ન મિલા હમે હમ સે મિલને કા...
દુનિયા સે મિલતે રહે બિછડને કે લિયે....
હમ હમ સે હી થે દૂર કહી, જાન હી ન શકે,
વક્ત ગુજર ગયા, હમ ખડે કે ખડે રહ ગયે વહી પર....

કેટલીક વાર ઉંમરના એક ચોક્કસ તબક્કે એવું ફીલ ચોક્કસ થાય છે કે જીવન વ્યર્થ ગયું. આનાથી બેટર કરી શક્યો હોત. આ સમયે સ્ટેબલ રહી ઉતાવળમાં કે ક્રોધમાં ખોટા નિર્ણયો લેતા રોકી શક્યો હોત. પણ સમય નીકળી ગયો અને હવે થોડાંક જ શ્વાસ બાકી છે ત્યાં આવું આત્મજ્ઞાન કોઈ કામમાં આવતું નથી. આવું જ ખાસ સ્વાસ્થ્યની બાબતમાં થાય છે. હેલ્થ હંમેશા સૌથી વધુ નિગ્લેટ કરવામાં આવતી અને સૌથી વધુ મહત્વની કુંચી છે. આ કુંચીની જાળવણી ,સાચવણી બહુ ઓછા લોકો કોન્સિયસલી કરે છે. જ્યાં સુધી યંગ હોઈએ છીએ ત્યાં સુધી મોજ શોખ ખાણીપીણીમાં હેલ્થ પાછળ ધકેલાઈ જાય છે .મોટપણે કરિયર, જવાબદારીઓના સ્ટ્રેસમાં હેલ્થથી ઢાંકપીછોડો કરીએ છીએ. પણ આ એક એવી કુંચી છે જેથી તમે તમારા જીવનમાં દરેક સ્ટેજને સાચા અર્થમાં માની શકો છો. સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન વસે છે. જો શરીર સ્વસ્થ રાખીશું તો માનસિક બીમારીઓ તો ભાગ્યે જ આપણને સ્પર્શે છે. અને શારીરિક બીમારીઓને ગુડબાય કર્યા સિવાય છૂટકો જ નથી. બીજું કેરિયર,ઘર,બાળકો, શોખ બધા વચ્ચે બેલેન્સ એ જ જીવનની સાચી સફળતા છે. કોઈ પણ એક પાસું હાલક ડોલક થયું તો આખું માળખું ખખડધજ થઈ નીચે પડી જાય છે. આ માટે દરેક સ્ટેજ પર આવતા નાના મોટા સંઘર્ષોમાં ટકી રહેવા ઝઝુમવાની ટેવ, સામા પ્રવાહે તરવું પડે તો તરવાની ત્રેવડ કેળવવી પડે છે.

# વિદ્રોહ વિશારદ વિક્ષિપ્તચંદ્ર...

ગઈકાલે વિચારધારાની લારી ચલાવતા વિક્ષિપ્તચંદ્રની મુખમુદ્રા મનમાંથી જતી નથી. 'જ્યારે જ્યારે એમના મન-મગજનો વિચાર કરું છું ત્યારે કાચાં રહેલાં દાળવડાંની યાદ આવ્યા કરે છે, કદાચ એમનું મગજ આવું દાળવડા જેવું હશે..' એવું ડાયરીમાં લખ્યું ત્યારે એ અડધી ઉંઘમાં હતા. ચંદ્રંભદ્ર વિચારે છે કે સરકારમાં ચમત્કારો બને છે એનું આ ભાઈ ઉદાહરણ છે.. બધા જ વર્ષોમાં ગુજરાતમાં તો સામ્યવાદી સરકાર આવી નથી, એટલું જ નહીં પણ કદાચ સામયવાદથી સાવ અલગ હોય એવી જ સરકારો આવી છે છતાં વિક્ષિપ્તચંદ્ર જેવા કમ્યુનિસ્ટ મગજના માણસ કેવી રીતે આટલા બધા ઉચ્ચ હોદ્દા ઉપર ટક્યા. તપાસ કરાવતાં ચંદ્રંભદ્રને ખબર પડી કે જેમને એ કમ્યુનિસ્ટ માને છે એ એમનો દેખાવમાત્ર છે. આવો દેખાવ કેળવવાથી લોકોને છેતરવામાં અનુકુળતા આવે છે. અથવા એ નાટકના બહુ મોટા કલાકાર છે અને સ્ટેજના બદલે એ મોટી મોટી ઑફિસોમાં અભિનય કરી કરી પોતાના વિચારો સંતાડે છે. ચંદ્રંભદ્રને ફાઈવસ્ટાર સેમીનારોમાં અને વિદેશી પરિસંવાદોમાં આવા ગરીબમિત્ર દરિદ્રભીડભંજક કર્મશીલો બહુ મળ્યા છે. આ લોકોનો પોતાનો પુષ્કળ વિકાસ થયો હોય છે.

ચંદ્રંભદ્રને આ વિક્ષિપ્તચંદ્રનું ડ્રેસીંગ ખુબ ગમ્યું. ત્રણ વખત જોયા પણ એમના વિખરાયેલા વાળ, એમનો થોડો પહોળો પડતો ઝભ્ભો અને કાળજીપૂર્વક ખુલ્લા બટનવાળું જાકીટ એમને અવ્યવસ્થિત બતાવ્યા કરતા હતા. જો કે એમની આકાંક્ષા તો એ 'ધૂની' તરીકે જાણીતા થાય એવી હતી પણ લોકો એમને અર્ધપાગલ કે વિચિત્ર વધારે ગણતા હતા.

એમની ત્રણ ખાસિયતો હતી, ટીકા કરવામાં સાવ અજાણી ગાળભરેલી ભાષા વાપરવી, કોઈ ધાર્મિક કે તત્ત્વજ્ઞાન જાણનાર અધિકારીને સતત મશ્કરીપૂર્વક ઉપેક્ષિત કે અપમાનિત વાતાવરણમાં રાખવાના અને સાવ પસ્તીપ્રકારના જોકમાં ખડખડાટ પણ કૃત્રિમ હસવાનું...

એમનો આછો વાદળી ઝભ્ભો જેએનયુ ટાઈપની કોઈ યુનિવર્સિટીની યાદ જેવો જુનો અને ઓછો ધોયેલો લાગતો હતો. એ સિગરેટ પીતાં પીતાં શંકરાચાર્ય દ્વારા કહેવાયેલું સૂત્ર, 'બ્રહ્મ સત્યં, જગદ મિથ્યા..'ની મઝાક ઉડાવતા. આ ભાઈ સરકારી ઑફિસમાં પોતે ભુલા પડ્યા છે એવું કહેવાને બદલે પોતાના થકી આ સમાજ અસમાનતા વિનાનો બની જશે એવાં બણગાં ફુંકતાં. ઘણીવાર તો સમાનતાની અગત્યની બેઠક શરું થતાં પહેલાં એની તૈયારીના ભાગ રૂપે બેત્રણ કર્મચારીઓ તરફ જોરજોરથી તાડુકતા અને બહાર કાઢી મુકતા. ચંદ્રંભદ્રને આ વિક્ષિપ્તચંદ્રની કિંવદન્તી જેવી કથાઓ સાંભળવા મળતી. એ એમના પટાવાળા કે ડ્રાઈવરોને કોઈ બીજા ગ્રહ ઉપરથી આવ્યા હોય એવી રીતે ખુબ ખરાબ રીતે વર્તતા, પણ વાક્યે વાક્યે રામ મનોહર લોહિયાને 'ક્વોટ' કરતા, શાસ્ત્રોને ગાળો દેતા અને સાદગી વિશે વાતો કરવા ફાઈવસ્ટારમાં મીટીંગ બોલાવતા. જો કે તમે એમને માત્ર હાથ નીચેના અધિકારીઓની મીટીંગમાં કે વ્હૉટસ-એપના ચેટમાં વાંચો તો એ ભારતની સંસ્કૃતિને અસંખ્ય ગાળો આપતા.એમને 'સર્વે જનાઃ સુખિનો સન્તુ' કહેનાર ધર્મગુરુઓ સમાજને વહેંચી નાંખે છે. એ વહેંચણ અરનારને જોવું છું તો મને વીંછીં કરડ્યાની વેદના થાય છે એવું ઈમોશનલી વારંવાર કહેતા ત્યારે વીંછીઓને પણ ખોટું લાગતું.

એકવાર એક ફંક્શનમાં કોઈ જુનિયર અધિકારીએ દીવો પ્રગટાવવાનું રાખેલું તો ગુસ્સે તો એવી રીતે થઈ ગયેલા જાણે અગ્નિની શોધ એમણે કરેલી હોય અને આ અધિકારી એમની પરવાનગી સિવાય અગ્નિનો ઉપયોગ કરતો હતો... પણ એ જ અઠવાડિયામાં એક મંત્રીશ્રીએ જ્યારે દીપપ્રાગટ્ય રાખવું એમ કહ્યું ત્યારે આ જ વિક્ષિપ્તચંદ્ર કુદી કુદીને બોલતા હતા, 'સાહેબ, આ પ્રકાશની ઉપાસના કરવી એ તો આપણી સંસ્કૃતિ છે'. પછી લુચ્ચુ હસીને કહેતા આ અધિકારી જે તમારા વિસ્તારના છે એમને આવા વિચારો આવતા નથી જ્યારે આપ જેવા જ્ઞાની અને અનુભવીને આવે છે. આ વિક્ષિપ્તચંદ્રના એટલા બધા પરાક્રમો ચંદ્રંભદ્ર સાંભળી રહ્યા હતા કે એ વિમાસણમાં પડી ગયા કે એમના માટે વપરાતું આ વિદ્રોહવિશારદ વિશેષણ યોગ્ય છે કે કેમ. કારણ વિદ્રોહનો દેખાવ તો એ અભિનય કક્ષાનો કરી શકતા.



હમજ્યા મારા ભૈ !

ભાગ્યેશ જહા

એક વખત ગરીબકલ્યાણમેળામાં એમને એક નાના ગામમાં હાજર રહેવું પડેલું, તો વિદ્રોહના ભાગ રુપે એ સો-કિલોમીટર દુર જમવા માટે ગયેલા.

ચંદ્રંભદ્રને ઈચ્છા થઈ કે એમની સાથે એક ચા-મુલાકાત ગોઠવાય. એ ગયા. ચંદ્રંભદ્ર બહારથી મીટીંગ માંગતા હતા પણ અંદરથી ઈચ્છતા હતા કે આમને ના મળવું પડે તો સારું. આ જેમને મળવાની ઈચ્છા ના હોય તો પણ મળવું પડે એ આ પ્રકારની નોંકરીની વિશેષ સગવડ ગણવામાં આવે છે. આવા લોકો તમારી સહનશક્તિને આધ્યાત્મિક ઉંચાઈ બક્ષે છે. આવા ઝળુંબી રહેલા લાભને નજરઅંદાજ કરી રહેલા મનને ચંદ્રંભદ્ર નિયમન કરી રહ્યા હતા. ચંદ્રંભદ્ર ગયા, બારણામાં પ્રવેશતાં જ વિક્ષિપ્તચંદ્રના વાણીપ્રવાહમાં તણાતા ચારપાંચ જણ બચવાનો પ્રયત્ન કર્યા વિના બેઠા હતા. કારણ તમે છુટવા પ્રયત્ન કરી રહ્યા છો અથવા તો તમે થાક્યા છો એવો ખ્યાલ આવે તો વિક્ષિપ્ત બમણી તાકાતથી હૂમલો કરે. ચંદ્રંભદ્રને પરિસ્થિતિનો ખ્યાલ આવતાં જ એમણે મિસ્કીનની પંક્તિઓ ગમગણી 'એ સમથીંગ છે..' ચંદ્રંભદ્રે નમસ્કાર કર્યા. વિક્ષિપ્તચંદ્રે એકદમ એમની 'સિગ્નેચર' જેવું લુચ્ચું સ્મિત વેર્યું. એનાથી ઓરડાનું વાતાવરણ વધું કૃત્રિમ બન્યું. ચંદ્રંભદ્ર એક પુષ્ત અને પક્વ અધિકારી માફક પોતાના હાસ્યને દબાવ્યું. મનોમન પોતાને અભિનંદન આપવા લાગ્યા કે અનેક જન્મોથી પોતે મનને કેળવવા મથતા હતા તે મનને એક વિક્ષિપ્તચંદ્ર નામના જાતકે સ્થિર કરી આપ્યું...

# નવું વેરિયન્ટ.. શોભરાજ અને છેલ્લો શો !

૨૦૨૨ ઓલમોસ્ટ ઓલમોસ્ટ ફિનિશ .. ટાટા .. બાય બાય થઈ રહ્યું છે ત્યારે ભારતના બે પાડોશી દેશોમાંથી અમુક અંશે ડરામણા સમાચારો આવી રહ્યા છે , એમાંથી એક સ,આચાર તો ખરેખર ડરામણા છે જ્યારે બીજા એક સમયે ડરનો પર્યાય બની ચૂકેલાના છે . વાત પહેલા ડરામણા સમાચારની કરીએ જે પાડોશી દેશ ચીનમાંથી વગર એન્ટેનાએ આખીએ દુનિયાના ટેલિવિઝન સેટ પર પ્રસારિત થઈ રહ્યા છે એ છે કોરોનાના વધતાં આક્રમણ .. ફફડાટ અને ફરી પાછું લોકડાઉન થી લઈને મોતના તાંડવો જોવા પડશે કે શું એવા યક્ષપ્રશ્ન લોકોની આંખોમાં ડોકાઈ રહ્યા છે એના છે ..!!! ૨૦૨૦ માં લોકડાઉન અને ૨૦૨૧ માં કોરોનાની સેકન્ડ વેવ પછી એમ લાગતું હતું કે હવે ' સબ કા જિંદગી ટોટલ ઝંડવા ' થઈ જવાની છે પણ થેંક્સ ટુ વેકસીનેશન અને ઈંડિયન ગવર્નમેન્ટ કે જગતના બીજા દેશોં જ્યાં હજુ પણ કોરોનાંનાં નામે ફિફા ખાંડે છે ( જગત જમાદાર અમેરિકા અને સુપર પાવર ચીન હાથવગા ઉદાહરણો છે ) ત્યારે ભારતે કોરોનાને મહદઅંશે કાબુમાં લઈ લીધેલ છે . ૨૦૨૨ જ્યારે અસ્ત થવા જઈ રહ્યું છે ત્યારે ફરીથી કોરોના નામે ઉપાધિના વાવડ ચીન બાજુથી આપણી બાજુ અને આખા જગતમાં લખલખું ફેલાવી રહ્યા છે એવામાં પણ આ લખાય છે ત્યારે ભારત સરકાર સાવધાનીના પગલાં લઈ રહી છે અને કોરોનાના નવા સ્વરૂપને ફાવવા નહીં દેવાની તૈયારીઓ કરી રહ્યું છે . જો કે અખબારી અહેવાલો અને મીડિયામાં હાહાકાર મચાવતા ચીનના વિડિયોઝને સાચા માની લઈએ તો એક વાત નક્કી છે કે કોરોના નામે દાનવ હજુ આજે બે બે વર્ષ પછી પણ જગતની માલીપાથી સાવ એટલે સાવ નાબૂદ થયો તો નથી જ અથવા તો એમ કહી શકાય કે એટલીસ્ટ મેડિકલ દુનિયાની વાવાતો ટો સાચી માનીએ તો કોરોના વાર-તહેવારે નવા નવા સ્વરૂપે ત્રાટકતો રહે છે . હા એ અલગ વાત છે કે હવે ભારત જેવા દેશમાં કે જ્યાં વેકશીનેશન ખૂબ જ મોટી સંખ્યામાં થઈ ચૂક્યું છે અને જનતા લગભગ છેલ્લા એકાદ વર્ષથી તો મુક્તપણે જીવન જીવી રહી છે તેવા સમયે કોરોનાના કોઈ નવા વેરિયન્ટથી ડરવાનો સવાલ જ ઓછો ઊભો થાય છે એમ છતાં પણ જેમ ૨૦૨૦-૨૧ માં રાખેલી એમ સાવચેતી રાખવી તો પડશે જ . મ્હ્ર-૭ ના નામે હાહાકાર મચાવવાની જેના પર શંકા છે એ કોરોનાનાં નવા વેરીયન્ટને લીધે આ લખાય છે ત્યારે જાપાન . અમેરિકા , યુરોપમાં કેસોની સંખ્યા ઝડપથી વધી રહી છે . અમેરિકામાં અત્યાર સુધીના ટોટલ કોરોના દર્દીઓની સંખ્યા ૧૦ કરોડને પાર થઈ ગઈ છે . અમેરિકા પછી જાપાનમાં પણ એ જ સ્થિતિ છે એવામાં હવે ભારતે જે રીતે કોરોના પર જીત મેળવી છે એ જ રસ્તે કોરોનાના આ નવા વેરિયન્ટનો સામનો કરવો પડશે અને એ રસ્તો છે વેકસીનેશનનો અને સાવચેતીનો . ચીનના બાંઢાળ પછીથી સરકારે પણ કોઈ આકરા નિર્ણયોને બદલે વેકશીનેશન અને સાવચેતી પર ભાર મૂક્યો છે . કોરોનાએ ઘણા પદાર્થપાઠો શિખવાડ્યા એમાંનો કોઈ પાઠ અગત્યનો હોય તો એ છે ' જાન બચી તો લાખો પાયે ' એ ન્યાયે સાવચેતી અને વેકશીનેશનથી જ કોરોનાના કોઈપણ વેરિયન્ટનો ખાતમો શક્ય છે અને ભારતે દુનિયાને આ દેખાડી દીધું છે ત્યારે હજુપણ બાકી હોય એ બુસ્ટર ડોઝ લઈને ' ગો કોરોના ગો ' સમૂહગાનમાં પોતાનો સૂર પુરાવી શકે છે .

ખેર કોરોનાની આ છેલ્લા ત્રણેક વર્ષથી ચાલતી કંટાળાકથાને વિરામ આપીને જરા અલગ સમાચાર પર નજર નાખીએ કે જે આવ્યા છે ચીનના પાડોશી અને આપણાં પણ એવા નેપાળમાંથી . ૨૦ થી વધુ હત્યાનો જેના પર આરોપ છે અને ૨૦૦૩થી જે નેપાળની જેલમાં બંધ છે એવા ૭૮ વર્ષના ' બિકિની કીલર ' ચાર્લ્સ શોભરાજના જેલમાંથી છૂટવાના વાવડ છે . અનેક યુવતીઓની હત્યામાં જે સામેલ્ છે તેવા શોભરાજના છૂટવાના સમાચારથી કોઈ હસીનાએ ગભરાવાની જરૂર નથી કેમકે ૭૮ વર્ષનો ચાર્લ્સ હવે ખખડી ગયો છે અને વધતી ઉમર અને શારીરિક તકલીફોને ધ્યાનમાં રાખીને નેપાળ સરકાર એને જેલમાંથી વહેલો છોડી રહી છે પણ શરત એટલી જ છે કે એણે જેલમાંથી છૂટયાના ૧૫ દિવસમાં જ નેપાળ છોડીને જવું પડશે . ઓબવીયસલી ચાર્લ્સ પોતાના ફેમિલી પાસે ફ્રાંસ જવાનો છે . ચાર્લ્સ પર ભારત, થાઈલેન્ડ, નેપાળ, તુર્કી અને ઈરાનમાં ૧૯૭૨ થી ૧૯૮૨ દરમિયાન તેણે કરેલ ૨૦ હત્યાઓના આરોપો છે .તે વિદેશી પ્રવાસીઓ સાથે મિત્રતા કરીને પછી હત્યા કરી એમનો માલ સામાન લૂટી લેતો જેમાંથી મોટાભાગની મહિલાઓ હતી . એક સમયે ક્રાઈમની દુનિયામાં ચાર્લ્સનો ખોફ હતો . જેલ તોડીને ભાગવું એના માટે ડાબા હાથનો ખેલ હતો . શોભરાજે નેપાળ જેલમાંથી પ્રેસ કોન્ફરન્સ કરેલી તો તિહાડ જેલથી એને જાણીજોઈને ભગાડવામાં આવેલો કે ઈરાદાપુરાવક ભાગેલો થી લઈને એનાથી ૪૪ વર્ષ નાની નિહિતા વિશ્વાસ સાથે જેલમાં લગ્ન જેવા અનેક વિવાદોના સ્વામી શોભરાજ હવે ફ્રાન્સમાં જતી જિંદગી વિતાવશે એ અત્યારે તો નક્કી છે પણ ક્રાઈમની દુનિયામાં શોભરાજન કારસ્તાનો સદાય યાદ રહેવાના છે .



રઝળપાટ

અજય ઉપાધ્યાય

સદાય યાદ રહે એવી એક ઘટના ઓસ્કારમાં બની રહી છે અને એ છે આપણી પોતાની ભાષામાં – ગુજરાતીમાં બનેલી ફિલ્મ ' છેલ્લો શો ' ઓસ્કારમાં બેસ્ટ ઈન્ટરનેશનલ ફિચર ફિલ્મ કેટેગરીમાં શોર્ટલિસ્ટેડ લાસ્ટ ૧૫ ફિલ્મોમાં સામેલ્ થઈ ગઈ છે . ગર્વની વાત એ છે કે છેલ્લે ૨૦૦૧ મા લગાન આ સ્તરે પહોંચેલી એ પછી ૨૧ વર્ષે કોઈ ભારતીય ફિલ્મ ત્યાં પહોંચી છે અને એનાથી પણ ગર્વની વાત એ છે કે એ ગુજરાતીમાં બનેલી છે . આજે જ્યારે બંગાળી, મલયાલમ. તમિલ, તેલુગુ, મરાઠી, કન્નડ ફિલ્મોની વચ્ચે એક ગુજરાતીએ બનાવેલ .. ગુજરાતી ભાષામાં બનાવેલ અને ગુજરાતમાં બનાવેલ ફિલ્મ આટલા ઉચ્ચ સ્થાને પહોંચે ત્યારે ચોક્કસ હર્ષ થાય જ . છેલ્લો શોના સર્જક પાન નલિન ઉર્ફે નલિન પંડયા અને ' છેલ્લો શો ' ની વાર્તા બંને શુધ્ધ ગુજરાતી છે એ વિશેષ ગર્વની વાત છે. ૧૯૫૮ મા મહેબૂબખાનની ' મધર ઈન્ડિયા ' શોર્ટલિસ્ટેડ થઈ હતી અને મહેબૂબખાન ગુજરાતી હતા એ હિસાબે જોવા જઈએ તો ઓસ્કારમાં બીજીવાર કોઈ ગુજરાતીની ફિલ્મ નોમિનેટ થઈ છે આ પાછો એક બીજો આનંદ ..!!! આ બે ની પહેલા મીરા નાયરની ' સલામ બોમ્બે ' અને આમિખાનની ' લગાન ' અહીં સુધી પહોંચેલી . ખેર , ફિલ્મ વિષે ઘણું લખાઈ ચૂક્યું છે અને હવે તો ઓટીટી પર ઉપલબ્ધ હોવાથી ઘણાએ જોઈ પણ લીધી હશે એવામાં ' છેલ્લો શો ' ની હરીફાઈ હવે જગતની શ્રેષ્ઠ બીજી ૧૪ ફિલ્મો સાથે થવાની છે જેમાંથી આર્જેન્ટિના ૧૯૮૫, કોરસેજ, ક્લોઝ, ઓલ ક્વાઈટ ઓન ધ વેસ્ટર્ન ફ્રન્ટ, ધ ક્વાએટ ગર્લ વગેરે તો બહુ વખણાયેલી છે એવામાં હવે જોવાનું એ રહે છે કે ' છેલ્લો શો ' જયુરી મેમ્બર્સને રિજવી શકે છે કે નહીં . ઓસ્કાર એવોર્ડ્સની પસંદગી ધ એકેડમી ઓફ મોશન પિક્ચર્સ આર્ટ્સ એન્ડ સાયન્સીસના સભ્યોના મતદાનના આધારે થાય છે . જેમાંથી મોટાભાગના હોલીવુડ ફિલ્મોથી અવગત હોય છે પણ બીજી ભાષા અને બીજા દેશની ફિલ્મો વિષે બહુ જાણતા હોતા નથી એવામાં એમને વિદેશી ફિલ્મના નિર્માતાઓ એકેડમીના શક્ય એટલા સભ્યોને પોતાની ફિલ્મ બતાવીને પોતાની તરફેણમાં મતદાન કરાવવા પ્રયત્ન કરે છે અને ' છેલ્લો શો ' માટે સારી વાત એ છે કે એના દિગ્દર્શક નલિન પંડયા હોલીવુડ સાથે સંકળાયેલા છે એટલે એકેડમીના વધુને વધુ સભ્યોને ' છેલ્લો શો ' જોવા સારી રીતે કનવિન્સ કરી શકશે .આગામી ૧૨ માર્ચ ૨૦૨૩ ના રોજ હોલીવૂડના ડોલ્બી થિયેટરમાં જો 'એન્ડ ઓસ્કાર ગોઝ ટુ 'છેલ્લો શો' એવું જાહેર થશે તો ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી કે જે હજુ પણ કોઈ ચોક્કસ દિશા શોધી રહી છે એને એક નવું જોમ મળશે અને માત્ર ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી જ નહીં પણ ભારતીય ફિલ્મો માટે પણ ' છેલ્લો શો ' અનેક નવી આશાઓ અને અપેક્ષાઓના સંદર્ભમાં હાઉસફુલ સાબિત થશે.

( akurjt@gmail.com)